દિવ્ય ભાસ્કર

વડોદરા 16-10-2025

# જોઇએ છે

માલવણ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી એન. કે. મહેતા અને શ્રીમતી એમ. એફ. દાણી આર્ટસ કોલેજ,માલવણ માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગરના તા. ૨૦/૦૯/૨૦૨૫ ના પત્રથી વર્ગ - ૩ ની નીચેની જગ્યાઓ ભરવા માટે મંજુરી મળેલ છે. નીચે જણાવેલ ખાલી જગ્યાની ભરતી કરવા માટે નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. જગ્યાની ભરતી સબંધીત જરૂરી વિગતો કોલેજની વેબસાઇટ - **https://info.artscollegemalvan.in/** પર મૂકેલ છે.

| જગ્યાનું નામ | કુલ ખાલી જગ્યા | કેટેગરી | NOC ક્રમાંક | પગાર | લાયકાત |
|---|---|---|---|---|---|
| હેડ ક્લાર્ક | ૦૧ | બિનઅનામત | કચઉ/અક3/વર્ગ-3/NOC/૨૦૩૮૨-૮૫ તા.૨૦-૦૯-૨૦૨૫ | ૪૦,૦૦૦/- ૫ વર્ષ માટે ફિક્સ પગાર | માન્ય યુનિવર્સીટીની કોઈપણ વિદ્યાશાખાની સ્નાતક ડીગ્રી અને કોમ્પ્યુટરનું જ્ઞાન આવશ્યક છે. |
| સીનીયર ક્લાર્ક | ૦૧ | બિનઅનામત | | ૨૬૦૦૦/- ૫ વર્ષ માટે ફિક્સ પગાર | |
| જુનિયર ક્લાર્ક | ૦૧ | એસ.ટી | | | |
| જુનિયર ક્લાર્ક | ૦૧ | સા. શૈ. પછાત | | | |

વયમર્યાદા ગુજરાત સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અનુસાર અનામતની જગ્યામાટે ઉમેદવારી નોંધાવવા માટે સક્ષમ અધિકારી નુ પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરવાનું રહેશે. અને અનામત વર્ગ માટે વય મર્યાદામાં નિયમોનુસાર છુટછાટ રહેશે.

પસંદગી પામેલ એસ.ટી ઉમેદવારોએ જાતિના દાખલાની ખરાઈનું પ્રમાણપત્ર વિભાગીય મુલ્યાંકન સમિતિની માન્યતા મેળવવાની રહેશે. તેમજ બક્ષીપંચના ઉમેદવારોએ જાતિનો દાખલો અને નોન ક્રીમીલીયરનું તાજેતરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

સદર જગ્યાઓ સરકારશ્રીના ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના તથા સામાન્ય વહીવટ વિભાગના તથા નાણા વિભાગના વખતો વખતના જે તે સંવર્ગના ભરતીના નિયમો અને લાયકાતના નિયમો મુજબ ભરતી કરવામાં આવશે. નિમણૂંક પામેલ ઉમેદવારને પાંચ વર્ષ માટે ફિક્સ પગાર ચૂકવવામાં આવશે. ત્યારબાદ પાંચ વર્ષની સેવા સંતોષકારક કરેલ હશે તો સમીક્ષા કર્યા પછી નિયમોનુસાર પગાર ધોરણ લાગુ પડશે. નિમણૂક પામેલ ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તા:- ૨૦-૦૯-૨૦૨૫ ની NOCમાં દર્શાવેલ તમામ શરતો બંધનકર્તા રહેશે. અધુરી અસ્પષ્ટ વિગતોવાળી અને પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ વગરની અરજી અને નિયત સમયમર્યાદા બાદઆવેલ અરજી આપોઆપ રદ ગણાશે. ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી જાહેર રજા સિવાયના દિન-૧૦ માં સ્પીડ/ રજીસ્ટર પોસ્ટ એડી. દ્વારા અરજી મોકલવાની રહેશે. અરજી સાથે પોતાના સરનામાંવાળુ ૯ x ૪ નું ખાલી કવર તથા રૂ. ૪૦/-ની ટપાલ ટીકીટ લગાવવી અને બિનઅનામત કેટેગરી માટે અરજી કરનાર ઉમેદવારે રૂ. ૧૦૦૦/- અને અનામત કેટેગરી માટે રૂ. ૯૦૦ નો **Principal, Shri N K Mehta & Smt M F Dani Arts College, Malvan** ના નામનો ડીડી અવશ્ય સામેલ રાખીને નીચેના સરનામે મોકલી આપવી. ઉમેદવારે કોલેજની વેબસાઇટ ઉપરથી નિયતનમુનાનું અરજી ફોર્મ ડાઉનલોડ કરી તે નિયત ફોર્મમાં જ અરજી કરવાની રહેશે.

**અરજી કરવાનું સરનામું : આચાર્યશ્રી,શ્રી એન. કે. મહેતા અને એમ. એફ. દાણી આર્ટસ કોલેજ,માલવણ,તા. કડાણા,જી. મહિસાગર.- ૩૮૯૨૫૫**

[illegible]